# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref No. PN 2024-25/011 Dt. 27/06/2024

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે સુરત ડાયમંડ બુર્સની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લઇ તેના વિશે વિસ્તૃત જાણકારી મેળવી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની અધ્યક્ષતામાં ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ ટૂર કમિટીના ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલા તથા ચેમ્બરના સભ્યો મળી કુલ ૫૦થી વધુ સભ્યોના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૨૬મી જૂન, ૨૦૨૪ના રોજ સરસાણા ખાતે ખજોદ ચોકડી પાસે ડ્રીમ સિટીમાં આવેલા સુરત ડાયમંડ બુર્સની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી હતી.

વિશ્વના ૯૦ ટકા ડાયમંડ સુરત ખાતે બને છે, પરંતુ ડાયમંડના વ્યાપાર માટે વેપારીઓને મુંબઇ જવું પડે છે, આથી મુંબઇ ખાતે ઓફિસો ધરાવતા રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય કક્ષાના ટ્રેડર્સને હવે ટ્રેડીંગ હબ તરીકેનું ઇન્ફ્રાસ્ટ્રકચર સુરત ડાયમંડ બુર્સમાં ઉભું કરવામાં આવ્યું છે. ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સુરત ડાયમંડ બુર્સ ખાતે વિવિધ ઓફિસો, વેપારીઓ માટે ઉભી કરાયેલી સગવડો, બેંકો, પાર્કીંગ વ્યવસ્થા અને સિકયુરિટી સિસ્ટમ વિશે જાણકારી પ્રાપ્ત કરી હતી. અહીં પ્રવેશદ્વારથી કોઇપણ વ્યકિત તેના ઓફિસ સુધી ઓછામાં ઓછી છ મિનિટમાં પહોંચી શકે છે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે તેના વિશે પણ પ્રતિનિધિ મંડળે અભ્યાસ કર્યો હતો.

સુરત ડાયમંડ બુર્સ, ભારતનું બીજું સૌથી મોટું ડાયમંડ ટ્રેડીંગ હબ છે, જે ૩૫.૫૪ એકરમાં ફેલાયેલું છે અને ૬૭ લાખ સ્કવેર ફુટ એરિયામાં બંધાયેલું છે. આ બુર્સમાં નેશનલ અને ઇન્ટરનેશનલ ડાયમંડ ટ્રેડર્સની કુલ ૪૫૦૦ ઓફિસો આવેલી છે. વિશ્વના સૌથી મોટા કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં આગામી ૭મી જુલાઇ, ૨૦૨૪ સુધીમાં ૨૫૦થી વધુ ઓફિસો ધમધમતી થઇ જશે તેવો આશાવાદ સુરત ડાયમંડ બુર્સના વાઇસ ચેરમેન શ્રી અશેષ દોશીએ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળ સમક્ષ વ્યકત કર્યો હતો.

સુરત ડાયમંડ બુર્સ, હીરાના ઉત્પાદન અને વેપાર સાથે સંકળાયેલી સંસ્થાઓને અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડે છે. ડાયમંડ, જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગની સુવિધા માટે ભારતમાં આંતરરાષ્ટ્રીય ટ્રેડિંગ સેન્ટરની સ્થાપના તરીકે સુરત ડાયમંડ બુર્સ બનાવવામાં આવ્યું છે. જેમાં ડાયમંડ કટીંગ, પોલીશીંગ અને પ્રોસેસિંગ સહિત જેમ્સ એન્ડ જ્વેલરીને લગતા વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા અને તેના ડેવલપમેન્ટ માટે વિશેષ સુવિધા આપવામાં આવી છે. જેને કારણે હવે ભારતમાંથી હીરા, જેમ્સ અને જ્વેલરીની નિકાસ અને વેપારને વધુ પ્રોત્સાહન મળશે. સુરત ડાયમંડ બુર્સ હવે ભારતને વિશ્વમાં આધુનિક અને અત્યાધુનિક ડાયમંડ, જેમ્સ અને જ્વેલરી માર્કેટ તરીકે વિકસાવવા મદદરૂપ સાબિત થશે.